# ચાલો આપણે ભજવીએ

ચન્દ્રવદન શુક્લ



શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા
પુસ્તક નવમું

નં.
નં. ૧૪૬/A

# ચાલો, આપણે ભજવીએ

કિશોરો, બાળકો ભજવી શકે અને માણી શકે એવી પદ્યનાટિકાઓ અને ગદ્યનાટિકા.

ચન્દ્રવદન શુકલ

ગુજરાતી સાહિત્ય પરિષદ : અમદાવાદ

## - - - - અનુક્રમણિકા - - - -


૧. રાતનું રમખાણ ( પદ્યનાટિકા ) ૧

૨. પપ્પાનો પુનર્જન્મ ( ગદ્યનાટિકા ) ૨૩

૩. ચાલો છબછબિયાં રમીએ ( પ્રથમ વર્ષાની પદ્યનાટિકા ) ૪૧

૪. મનામણાં ( પદ્યસંવાદ ) ૪૯





: પ્રકાશક :

પીતાંબર પટેલ, મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ-૯



© ડૉ. ચન્દ્રવદન શુક્લ



આવૃત્તિ પહેલી, ૧૯૭૭ : પ્રત : ૧૧૦૦

કિંમત રૂા. ૩-૦૦

: મુદ્રક :

કાન્તિભાઈ મ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ-૧

૧૪૭/A

## મોટેરાંને !

આઠથી બાર વર્ષનાં બાળકો-કિશોરો માટેની બાળરંગભૂમિ હજી હમણાં જ પા પા પગલી કરતી થઈ છે; ત્યારે બાળ-રંગભૂમિના ઉછેરનારાઓના હાથમાં "ચાલો, આપણે ભજવીએ" મૂકતાં આનંદ થાય છે. અહીં આપેલી પદ્યનાટિકાઓ અને ગદ્યનાટિકાનો "પ્રયોગ" ઘર અને પડોશનાં બાળકો દ્વારા કરાયો હતો. વેશભૂષા, મંચ, પડદા તેમ જ અન્ય નાટ્યસાધનો ન હોવાં છતાં ભજવનારાં, જોનારાં બાળકોને આ "પ્રયોગો" ખૂબ જ ગમી ગયા હતા.

અત્યારે શાળાઓમાં વાર્ષિકોત્સવ કે એવા પ્રસંગે બાળનાટિકાઓ નહિ પણ સંવાદો કે દૃશ્યો ભજવાય છે. ક્યાંક પુરાણી કથાઓ કે બાળકોને આનંદ આવે એવી કલ્પના-કથાની નાટિકાઓ ભજવાય છે; ત્યારે બાળકો -કિશોરોમાં જે અભિનય શકિત ભરી પડી છે તે બહાર આવે છે. આ શક્તિનો વિકાસ બુદ્ધિના અને જ્ઞાનના વિકાસમાં પણ મોટો ફાળો આપી શકે. બાળકોમાં અભિનય સહજ અને સ્વયંભૂ હોય છે. એ અનુકરણ દ્વારા વ્યકત થાય છે. કેટલાંક મોટેરાં એને વાનરવેડા કહે છે. પણ એમાં અનુકરણ, બુદ્ધિ અને તોફાની રમૂજનું સંમિશ્રણ હોય છે. બાળકોની આ સાહજિક અનુકરણ-અભિનય શક્તિને વિકસાવનારા બહુ ઓછા હોય છે. પણ કેટલાકોએ આ દિશામાં પગલાં પાડયાં છે અને બાળ-રંગભૂમિ અસ્તિત્વમાં આવી છે અને પા પા પગલી કરી રહી છે.

જો શાળાઓમાં અને બાળ-રંગભૂમિની સંસ્થાઓમાં વધુ ધ્યાન અને ચીવટ રખાય તો બાળ-નાટકો, બાળ-નટો અને બાળ-નાટ્યકળા માણનારાઓની સંખ્યા સહુને પ્રેરક અને ઉપકારક બને એ રીતે વધે એમ મને લાગે છે. "ચાલો, આપણે ભજવીએ" આ દિશાનો એક પ્રયાસ છે. આશા રાખું છું કે બાળ-રંગભૂમિના યોજકો અને સંચાલકોને આ નાટિકાઓ ઉપયોગી થઈ પડશે અને તખ્તા પર રજૂ થતાં સર્વને માણવા જેવી બની રહેશે.

"નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા" માટે "ચાલો, આપણે ભજવીએ" પસંદ કરાઈ છે તે અંગે પસંદગી કરનારાઓને અને પરિષદને હું અભિનંદન આપું છું. બાળકોને ભોગ્ય બને એવું સાહિત્ય આપીને ભાવિ પેઢીને સાંસ્કારિક અને સાહિત્યપ્રેમી બનાવવાની આ પ્રવૃત્તિ ખરેખર અભિનંદનીય છે.

"સોમવલ્લિ"
૫૫ બી. વિઠ્ઠલનગર સોસાયટી,
૧૨ મો રસ્તો જુહૂસ્કીમ, મુંબઈ ૫૬
૨૩-૩-૭૭ ચન્દ્રવદન શુકલ

# શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા


## નવમું પ્રકાશન

શ્રી હરિ ૐ આશ્રમ તરફથી ગુજરાતી સાહિત્ય પરિષદને રૂપિયા બાર હજારનું દાન બાળકોમાં અભય, ઔદાર્ય, ત્યાગ, ધર્મ, તિતિક્ષા, સહાયવૃત્તિ, મતાંતરક્ષમા, સાહસ, શૌર્ય, પ્રેમ, સહભાવ, આદિ ઉદાત્ત ગુણો અને ભાવનાઓ પ્રેરે એવી આકર્ષક શૈલીમાં લખાયેલી વાર્તાઓ, ચરિત્રો કે કથાકાવ્યો પ્રગટ કરવા માટે આપવામાં આવ્યું છે. નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા શ્રેણીમાં શ્રી ચન્દ્રવદન શુકલની બાળ-નાટિકાઓ **'ચાલો, આપણે ભજવીએ'** પ્રસિદ્ધ કરતાં અમને આનંદ થાય છે.

અમારાં આગળનાં પ્રકાશનોની પેઠે આ પુસ્તિકા પણ સૌને ગમશે એવો વિશ્વાસ છે.

મંત્રીઓ

તા. ૧૫-૪-'૭૭ ગુ. સા. પરિષદ



# રાતનું રમખાણ

## [ પદ્યનાટિકા ]

પાત્રો :

| | |
|---|---|
| મલ્લિકા<br>ચંદા<br>નંદા<br>સુનંદા<br>અમલ<br>કમલ<br>પરિમલ | વય : ૯–૧૦ વર્ષની આસપાસ |
| મલ્લિકાની મા | વય : ૩૫ વર્ષની આસપાસ |


## ૨ : ચાલો, આપણે ભજવીએ

સમય : બપોર પછીનો
સ્થળ : ઘરનું આંગણું

[ પડદો ઉઘડતાં ]

[ મંચ પર પાછળના ભાગમાં ઘરનું બારણું જણાય છે. મંચના આગલા ભાગમાં, બંને છેડે, ચોતરાંવાળાં બે વૃક્ષો. બંનેય ચોતરે નાના કિશોરોનાં ઝુમખાં, બેઠેલાં અને ઊભેલાં, વાતો કરતાં દેખાય છે.

બારણામાંથી બહાર નીકળીને, બારણાં ધીમેથી વાસી મલ્લિકા મંચના મધ્યભાગે હળવે પગલે આવે છે અને હળવેકથી તાલીઓ પાડીને બાળકોને ધીમે સાદે બોલાવે છે. મલ્લિકા અન્ય કિશોરો કરતાં સહેજ મોટી છે. ]



મલ્લિકા : આવો ચંદા, આવ સુનંદા,
ને તુંયે ઓ નટખટ નંદા.
અમલ, કમલ, પરિમલ પણ આવો,
આવો અહીં સહુ ભેરૂબંધો.
આવો દઉં હું દાવ મઝાના,
રમીએ ખો ખો, આટાપાટા
અંત્યકડી ? કે છલગ લંગડી ?
ના, ના. માંડું નવતર વાત વડી.

ચંદા (પાસે આવીને) : હા, હા, હા, હા, આજ રજા છે !

અમલ (પાસે આવીને) : હો, હો, હો, હો, કેવી મજા છે !

કમલ (બાંયો ચડાવી) : ચાલો રમીએ બાથ ભીડીને
મલ્લકુસ્તી મર્દાની.

સુનંદા (પાસે આવતાં) : ના, ના, રમીએ એનઘેન ને
ડાહીનો ઘોડો, પાણી પીને છૂટો.

નંદા (કુદતાં કુદતાં આવીને) : ચાલો, રમીએ ઘર ઘર દાવ !

મલ્લિકા : ના, ના, એ તો મોટાં ખેલે !

બેત્રણ (એક સાથે) : તો રમીએ રમત ગમ્મતની
કે ભારે ધમ્માચકડીની.

[ મલ્લિકા સિવાય બધાં જ એક સાથે મોટે અવાજે ]

૪ : ચાલો, આપણે ભજવીએ

બધાં : પકડાપકડી, ધમ્માચકડી,
સંતાકુકડી, આંધીલકડી
મસ્તી મસ્તી ધીંગામસ્તી
ચાલો કરીએ કુસ્તંકુસ્તી.

મલ્લિકા ( નાકે આંગળી મૂકીને આંખો કાઢતાં, ધીમા પણ કડક સૂરે ):

શી... ખબરદાર ! જો હોહા કીધી !
કલબલ કલબલ કરશો નહિ !
પૂરણપોળી પેટભરીને
જમી, ઝાપટી, આડે પડખે
પપ્પાજી પોઢયા છે મારા
હજી હમણાં આ અત્યારે
( હાથ બતાવી )
અંદરના એ અંધાર ઓરડે.
શાની રહીને વિના અવાજે,
બધ્ધાં સાથે ટોળે વળીને
બેસો અહીંયાં ગોળકુંડાળે.

બધાં ( ધીમેથી ) :

લો, આ બેઠાં અહીં ચોતરે.

[ ચોતરે ગોળકુંડાળે બધાં બેસી ગાય છે. ]

સુનંદા : હવે બોલ, શું કે'વું છે તારે !

નંદા : મહેતાણી કે મિસ બનવું છે ?

અમલ : મોટીબેન કે માસ્તાણી ?

પરિમલ : 'લ્યા એ માસ્તર ખરેખરી
ને આપણુ સહુએ છોરાં ?

નંદા ( કટાક્ષમાં, મલ્લિકા તરફ આંગળી ચીંધતાં ) :

ના, ના એ ભરવાડણુ બનશે
ને આપણ સહુએ ઢોરાં !

મલ્લિકા ( ચીડમાં ) :

એમ હોય તો માંડી વાળો,
નિજ નિજને સહુ ઘેર સિધાવો;
મને થયું કે ભેગાં મળીને,
છુટ્ટીના બપ્પોર પહોરે,
પળ બે પળની વાતો કરીએ,
માટે મેં બોલાવ્યાં તમને.

સુનંદા : હા, હા ચાલો વાત માંડીએ.

મલ્લિકા : કોણુ કરે છે પહેલ કહોને ?

ચંદા : તું જ માંડને વાત મજાની.

નંદા (ઠેકડીમાં) :

હા, હા. બોલાવ્યાં તો ભલે સુણાવો.

પરિમલ (મલ્લિકાને) :

તું પહેલી ને પછી બીજ હું.

(સુનંદાને)

ત્રીજો તારો આવે વારો.

નંદા : ચોથો ગણજો એની કેડે
નંબર ક્રમમાં મારો.

અમલ : એમ બધાંનો વારાફરતી
ફરતો રહેશે વારો.

મલ્લિકા : તો હવે ? હવે સાંભળો
હોઠ બીડીને, કાન દઈને
કહું છું હું જે વાત મજાની
વચ વચમાં દેજો હોકારો
અધવચ વાત પડે ના અટકી.

નંદા (માથું હલાવી, હાથનો ચાળો કરતાં) :

મો'ણ દીધા વીણ વાર્તા માંડો.

મલ્લિકા (નંદાને) : ચૂપ ચાંપલી !

(બધાંને) સાંભળજો સહુ

અદ્‌ભુત વાત હવે જે કહું.

[ આછો ખુંખારો ખાતાં, બારણા તરફ ઉડતી નજર નાંખીને સહુના તરફ જોતાં ધીમે સાદે – ]

પપ્પા મારા પહેલવાન છે

ઘરના નીડર નેતા......

નંદા (ટીખળી સૂરે હસતાં હસતાં અને હાથના ચાળા કરતાં):

હા, હા, હા, હા. બહાર બિચારા

બકરીથી પણ બીતા.

મલ્લિકા : ચીબાવલી, ચૂપ મર તું, કહું છું

વહેંત જેવડી તું છે છોડી

જીભડી તારી ગજ ગજ લાંબી

જ્યાં ત્યાં જાયે દોડી.

હમણાં મમ્મી કાતર લઈને

જીભલડી તુંજ લેશે કાપી.

ચંદા (નંદા તરફ હાથ લંબાવી મલ્લિકાને):

એ છે નકટી બટકબોલકી

જ્યાં ત્યાં મમરો મૂકે.

કો'ક બોલતું હોય કંઈ તો

એને દાઝે દુઃખે પેટ.

તું તારે મન મૂકી બેની
તારી વાત કહે મનમાની.

મલ્લિકા : પપ્પા મારા પૂરા શૂરા
અજબ જંગ બહાદૂરા.

કાલ રાતના અમ ઘરમાં ભારે
જામ્યો જંગ હતો મધરાતે.

નંદા (વચમાં ટપકી પડતાં ટીખળી વિસ્મયથી) :

તુજ પપ્પાને મમ્મી વચ્ચે ?
લાઠી, લાકડી, સોટી, વેલણ
કે કડછી, સાંડસી, તાવેથાથી ?

[બધાં કિલકિલાટ હસી પડે છે. મલ્લિકા નંદાની સામે આંખો કાઢી નાક પર આંગળી મૂકતાં એને ચૂપ રહેવા સૂચવે છે.]

મલ્લિકા : ભર નિંદરમાં ઝબકી જાગી,
પલંગથી ઉતરીને ભાગી,
ભયથી ફફડી એક ખૂણામાં
છાની માની ગઈ લપાઈ
ને ધડકંતા હૈડે ડોકાઈ
રહી નીરખી ઘોર લડાઈ

આગળના કમરામાં જે
થતી હતી વીજળી-અજવાળે.
ને બિલ્લી મારી બેનપણી તે
તરાપ મારવા તત્પર થૈને
ઉભડક પગલે, ઊંચા કાને
ટાંપી રહી'તી વાઘણ પેઠે.

**બેચાર** (એકી સાથે) :
હેં હેં હેં હેં સાચ્ચું કહે છે?

**મલ્લિકા** : હા, હા. શીદ હું ખોટું બોલું ?
ક્યાંક ખૂણેથી, ખુરશી નીચેથી,
કે વાસણની અભરાઈ ઉપરથી,
કે કબાટ કે ટેબલ પાછળથી,
ચીં ચીં ચીં ચિત્કાર થતા'તા.

હશે ચોર કે ડાકુ ભૂંડો?
કે કાળી રાતનો જાલીમ ગુંડો?
ઊંઘતાં'તાં અમ સહુએ ત્યારે
ક્યાંથી આવી અહીં ભરાણો?

ક્રોધ કરી ઘા પર ઘા ઝીંકતાં,
કમરામાં ચોમેર ઘૂમતાં,

દોડંદોડી કરતાં કરતાં,
પપ્પા થંભી હાંકી રહ્યા'તા.
ને ચકળવકળ ચોદિશ નિરખંતાં
મમ્મી ભયથી કંપી રહ્યાં'તાં
દુશ્મન ક્યાંક હતો સંતાયો
જરૂર. નજરમાં ન'તો જણાતો.
મને થયું કે કોણ હશે એ
યુદ્ધ-વિરામની એ વેળાએ.
એકદમ ખુરશી નીચેથી,
"ચીં ચીં ચીં"ના ઘોષ કરંતો,
ઉછળ્યો, દોડ્યો, ધમમસ ધસતો,
પૂંછડીઆળો કાળો કાળો,
ભીમકાય, આંખે વિકરાળો
ઉંદર મસ મોટો મૂછાળો.

**કમલ** : હેં, હેં, હેં, હેં. હાથી જેવડો?

**મલ્લિકા** : ના રે ના. ભઈ ના ના ના.

**અમલ** : તો શું કાળા પાડા જેવો?

**મલ્લિકા** : ના, ના. કાળા કાયબ જેવો.

નીકળ્યો, ઉછળ્યો, દોડ્યો ને એ
સટાક દઈ સોફામાં ધુસ્યો;
ત્યારે ઉછળી છળી બિલાડી
છલંગ મારીને બારીથી છટકી.

ને ચીસ પાડીને મમ્મી ઊછળ્યાં,
ચડી સ્ટૂલ પર ખુરશીએ કૂધાં.
ને ત્યાંથી ઊંચે, દઈ ઠેકડો
પપ્પાના ટેબલ પર ડેરો
દીધો જમાવી એક પલકમાં;
હાંફેલા, થાકેલા એંજિન શાં
સિસકારા સિસકાવી રહ્યાં.

નંદ્દા : એવરેસ્ટ પર ચડયા પછીથી
તેનસિંગ જયમ હાંફી રહ્યો'તો !!

મલ્લિકા : ફરી બોલી તું કેમ ચાંપલી ?

અમલ : એની જીભડી સદાય વાંકડી.

પરિમલ : તે ઉંદરનો આવો તે શો ડર ?
કે જઈ ઊભાં ટેબલની ઉપર ?

મલ્લિકા : તને ખબર છે ? તૈમૂર કે હિટલર
એથીય સવાયો મુંબઈનો ઉંદર ?

નંદા : જા, જા, કેવી વાત કરે તું !
બાર બાર મણની દૂધીનું
તેર તેર મણ મોટું બીયું !

કમલ : લપ લપ છોડ. સરસૂરિયું તું
ના નાખ. હાં પછી થયું શું ?

મલ્લિકા : સોફા હેઠળ સરક્યો ઉંદર
લઈ લાકડી ફટકા પંદર
પપ્પાએ ફટકાર્યા ઊપર
"સેતાન! તને પ્હોંચાડું યમઘર"
એમ કહીને ઊંચે નીચે
આમ તેમ ને આગળ પાછળ
ગોદા ખૂબ લગાવ્યા લાકડીએ.

ચંદા : તો તો ઉંદર મર્યો હશે એ.

મલ્લિકા : ના, ના. અંતર્ધ્યાન થયો ઉંદરડો
કે'ડ કસી લીધો'તો ભરડો
તોયે છટક્યો કાળો ગુંડો
હાથ ન આવ્યો જાલીમ ભુંડો.

સ્તબ્ધ શાન્તિ કમરામાં છાઈ,
બંધ પડી'તી ઘોર લડાઈ
કેવળ હાંફ રહી પથરાઈ
હાંફતાં એ બેઉ જણાંની.

**બેત્રણ જણ** (હાથથી પ્રશ્નમુદ્રા કરતાં):

હાં, હાં, હાં, હાં, પછી થયું શું ?

**મલ્લિકા** : "હવે ઊતરો હેઠાં" કહે છે
મુજ પપ્પા મુજ મમ્મીને
"મૂષક દુષ્ટ ગયો છે ભાગી
ઊતરો નીચે ભયને ત્યાગી."
મમ્મી કહે, "ઉતરાય ન મુજથી
વિણ ટેકે આ ઊંચાઈ પરથી."
"ચડયાં ઉપરે જયમ બીને ભયથી
હેઠાં ઉતરો હવે અભયથી."
પપ્પા બોલ્યા હસી પડીને
મમ્મીએ લાચાર બનીને
હેઠ ઉતરવા ટેકા માટે
આધાર પાસની દિવાલ કેરો
લેવા હાથ જરા લંબાવ્યો;

ત્યાં તો ચીસ ભયાનક પાડી
લીધો હાથ ઝડપથી પાછો
ને ઊંચેરા એ ટેબલ પરથી
મમ્મીએ ઝટ ભૂસકો માર્યો
ફરસ પરે વીજળી વેગેથી.

અને ત્યહીંથી નજર ઉલાળી
દિવાલ પરે ભય-દૃષ્ટિ ખોડી.

પપ્પાએ પણ નીરખ્યું ઊપર
મેં પણ જોયું રહીને અંદર
દિવાલ પરે ડોકું વંકાવી
ત્રાપ મારવા તત્પર થઈને
હતી સરકતી એક ગરોળી
જાડી, પાડી, મગર સમાણી!

નંદા ( કટાક્ષમાં ) :

મગર સમાણી મોટ્ટી ગરોળી?

કમલ : હેં શું સાચ્ચે મગર જેવડી?

મલ્લિકા : એ તો એક રીતિ છે જાણો
કહેવાની રંગતથી વાતો.

સાચું કહું તો ઢેડ–ગરોળી
હતી ખરેખર કદમાં મોટી
વગડાના કાચંડા જેવી.

અમલ : હાં હાં. સમજ્યા વાત તમારી.

કમલ : પછી થયું શું કહે વિસ્તારી !

પરિમલ : ઉંદર હજીય મર્યો ન'તો ત્યાં
પ્રગટીશી એ ઢેડ–ગરોળી !
એક મોરચો શમ્યો ન'તો ત્યાં
ઉઘડ્યો બીજો નવો મોરચો !

નંદા (તાળીઓ પાડીને હસી પડતાં) :

વાહ વાહ ! આ તો એવું કે
પાકિસ્તાન જ્યાં જગવે ધિંગાણું
તહીં હિમાલય કેરી હરોળે
લાલ ચીનનું દળ ડોકાણું !

ચંદા : ભળતી સળતી વાતો છોડો
મૂળ વાતનો પકડો કેડો.

મલ્લિકા : અચ્છા : આવી સ્થિતિ દેખીને
ખડખડ પપ્પા હસી પડ્યા ને

કહ્યું મમ્મીને "ડરનાં માર્યાં
ચડી ગયાં'તાં ઉપર, ત્યાંથી
કેવળ ભય છે શક્યો ઉતારી
માનવની સિદ્ધિના મૂળમાં
ભય ભાસે છે આદિ–કારણ."

પરિમલ : તુલસીદાસ પણ કહી ગયા ભૈ,
"ભય બીન પ્રીત ન હોત ગુંસાઈ!"

સુનંદા : તત્વજ્ઞાનને યુદ્ધ–કથાના
રસમાં આડે ના લાવો!
મધરાત તણા આ મા'ભારતમાં
પછી થયું શું એ કહેવા દો.

મલ્લિકા : લઈ લાકડી દિવાલ ઉપરે
કર્યો પ્રહાર જ્યાં પપ્પાએ
નાઠી ઢેડ–ગરોળી ત્યાંથી
પ્હોંચી ગઈ ઊંચેરી છત પે.
ભોંકી લાઠી–ટોંચ ઝપાટે
વીંધાઈ, ચગદાઈ છત સાથે
પડી ગરોળી ધબ્બ દઈને
તદ્દન જીવ વિનાની નીચે.

પપ્પાના ભાલા–બ્રહ્માસ્ત્રે
સંહારી એ શૂર્પણખાને!
ભયથી એક ખૂણે સરકેલાં
મમ્મી આવ્યાં ડરતાં ડરતાં
રખે સજીવન થાય ગરોળી
ધરી હૃદેમાં દહેશત એવી.

પરિમલ : તારી વાત હવે થઈ પૂરી?
તો આવી બંદાની વારી.

મલ્લિકા : મારી વાત હજીય અધૂરી
કરી આટલી તો કરવા દે ને
બાકીની આ વાર્તા પૂરી.

બેત્રણ (એક સાથે) :
કહે કહે. આ યુદ્ધ–કથા તો
લાગે છે ભરપૂર મધુરી.

મલ્લિકા : આલબેલ છે હવે બધુંયે
માની એમ ઊભેલાં મમ્મીએ
કબાટ નીચેથી દીઠ નીકળતો
કરાલ એ કાળા ઉંદરને
ને ફરી ચીસ ભયાનક પાડી

સોફા પર શી છલાંગ મારી
જઈને ઊભાં પકડી બારી.
ને નીકળેલો ઉંદર દોડી
ધસ્યો બા'ર ને ઘૂસ્યો ત્યાંથી
રાંધણિયામાં ચીં...ચીં...કરતો.
લઈ લાકડી પપ્પા દોડયા
આંતરિયો એ ઉંદરાસુરને
એક પ્રહારે કીધ અધમૂવો
બીજા ઘાએ કીધો પૂરો.
પછી ક્રોધમાં બેત્રણ ફટકા
ફટ્ ફટ્ ફટ્ ફટકારી દીધા
ને પછી પૂંછડીથી ઉંચકીને
બારીમાંથી નાખ્યો નીચે.
એક રાતમાં બબ્બે અસુરો
સંહાર્યા મુજ પપ્પાએ
પપ્પા મારા પરાક્રમી છે
શૂરા હિંમતવાળા
કોણ એમની તોલે આવે
છે કો છાતીવાળા?

નંદા : ઉંદરને માર્યો મધરાતે
ને રાતે મારી ગરોળી
કહે કહે તું જ પપ્પાએ દિવસે
કેટકેટલી માંખો મારી ?

[ બધાં ખડખડાટ હસી પડે છે. ]

એ ત્રણ ( એક સાથે ) :

સાચેસાચ છે સવા લાખનો
સવાલ આ કેવો સોનેરી ?

પરિમલ : એ તો ઠીક. પણ મમ્મી તારાં
ઉંદરથી ડરનારાં આવાં?

અમલ : અને પેલી શું ઢેડ–ગરોળી
એનાથી પણ એ જાય ડરી ?

કમલ ( છાતી ફૂલાવીને ) :

ઉંદરને હું જીવતો પકડું !

નંદા ( દાંત કચકચાવીને ) :

ને ગરોળીને હું મારી કચડું !

બધાં ( મલ્લિકા સિવાય ) :

ભલે હોય વાંદા કે ઉંદર
આવે છો ને સાપ, છછુંદર

વાઘણુ કે ગોરિલા બંદર
ડર ના અમને હૈયા અંદર !

[ દૂરથી ચીં...ચીં...ચીં...નો અવાજ થાય છે. ]

મલ્લિકા ( નાકે આંગળી મૂકીને ચૂપ થવાનો ભય-સંકેત કરતાં ):
શી ... ...
ચૂપ રહો ચૂપ રહો ને સહુએ
ધ્યાન દઈને સાંભળો, કશુંક કાને
ચીં...ચીં...જેવું કંઈ સંભળાયે?

[ સહુ ચમકીને ચૂપ થાય છે. ફરી વધુ મોટેથી ચીં...ચીં...ચીં...સંભળાય છે. સહુ ભય-ચિત્કાર સાથે ચોતરેથી કૂદીને ઊભા થતાં- ]

પરિમલ : હેં લ્યા? સાચું, સંભળાયે છે
ચીં...ચીં...ચીં...ચીં...ઉંદર કેરું
સાવ ખરેખર. વાત સાંભળી
આવ્યો અહીંયાં ખરેખરો શું ઉંદર?

નંદા : દ્વાર પાછળે છૂપાયલો છે
મોટો મસ ભારે કો ઉંદર.

[ મોટી ચીસ પાડતાં, આંખો ફાડીને જોઈ રહી. ]

ઓ...રે...માડી! ઉડતો આવ્યો
આ... ઓ... પેલો. નાસો, ભાગો!

[ બધાંની વચ્ચે ઉંદર પડે છે. ચીસો પાડતાં પાડતાં બધાં ચોમેર વિખરાઈને ઊભાં રહે છે. ઉંદર ઉછળીને મલ્લિકાના શરીર સાથે અથડાય છે. દોડવા જતી મલ્લિકા મોટી ચીસ પાડીને પડી જાય છે. ]

**બધાં** ( દૂર ચોમેર ઊભાં ઊભાં ) :

બાપ રે બાપ ! આ કાળો ઉંદર આવ્યો
માર્યા ઠાર. અમોને કોઈ ઉંદરથી ઊગારો !

[ પાસે નિષ્ચેષ્ટ પડેલા ઉંદરને મલ્લિકા બીતાં બીતાં અડકે છે, ઓળખે છે અને ખડખડાટ હસી પડે છે. અને એની પૂંછડી પકડીને ઊભાં થાય છે. ]

**મલ્લિકા** : ભીરુ, બીકણુ ! ભાગો નહિ, ના નાસો
ઉંદરથી ન બીનારા વીરો ! મારી પાસે આવો
જાણો છો ? આ તો છે રબ્બરનો.
મારો, મારો આ કાળો ઉંદર
બજારમાંથી પપ્પાએ આણેલો
ખર્ચી પૂરા પૈસા પંદર.

[ બધાં ધીરે ધીરે ડરતાં ડરતાં પાસે આવે છે અને એ રબ્બરનું રમકડું છે એની ખાતરી થતાં હસી પડે છે. મલ્લિકાની મમ્મી બારણા પાછળથી બહાર આવીને હસી પડતાં... ]

મલ્લિકાની મમ્મી : ઉંદર, બંદર અને છછુંદર
સાપણ, સિંહણ કે વળી વાઘણ
કો'થી ના ડરનારાં વીરો
કેવાં હિંમતવાળાં છો ભડવીરો !

[ કિશોરો છોભીલું સ્મિત વેરે છે. ]

[ પડદો પડે છે ]

卐

# પપ્પાનો પુનર્જન્મ

[ ગદ્યનાટિકા ]

**પાત્રો :**

| | |
|---|---|
| અનુપમા | ૭ વર્ષની |
| સવિતા | લગભગ ૮ વર્ષની વય |
| ભાવના | |
| ચંપા | |
| કંચન | |
| સરોજ | |
| કાન્તા | |
| માલતી | |
| અનુપમાની મમ્મી | |
| અનુપમાના પપ્પા | |
| કંચનની મમ્મી ( જાડી, મોટી ) | |

સ્થળ : એક જૂની ખખડધજ મધ્યમ વર્ગની ચાલની પહોળી લોબી.

સમય : રવિવારની બપોર ત્રણથી ચાર વચ્ચેનો સમય.

□

[ પડદો ઉઘડતાં ]

[ ચાલની પહોળી લોબીના આગલા છેવાડે પોતાના ઘરના બારણા પાસે અનુપમા બેઠી છે. એનાથી ત્રણેક કદમ દૂર સાતેક છોકરીઓ બેઠી છે. અનુપમાની માતા ચાર ઓરડી દૂરની પડોશણને ત્યાં તડકામંડળમાં બેઠી છે. અનુપમાના પપ્પા અંદરની ઓરડીમાં ઊંઘે છે. ગુસપુસ વાતો કરતી બાલિકાઓમાંથી એક મોટેથી બોલી ઊઠે છે. ]

**સવિતા** : ચાલો હવે આપણે કોઈ રમત રમીએ.

**ભાવના** : હા, હા. ચાલો આપણે ઘર ઘર દાવ રમીએ.

**કાન્તા** : ના, ના. આપણે નિશાળ નિશાળ રમીએ.

**સરોજ** : હા, હા. બહુ મજા પડશે.

**કાન્તા** : હું બેન બનીશ. હું શીખવું તે સૌએ શીખવાનું ને હું બોલાવું તેમ બોલવાનું. ( મોટેથી રાગડો તાણીને ) એ ... ક ... ડે ... એકો ... ....

**સવિતા** : તું નહિં, હું બેન બનું.

**સરોજ** : તું નહિ, હું.

**ચંપા** : હું ...હું.

**કાન્તા** : કોઈ નહિ. હું જ, હું જ ને હું જ બેન બનીશ.

[ નાકે આવેલા શેઢાને કાંડા પાસેના હાથથી લૂછે છે. ]

માલતી : લે ડીંગો (અંગૂઠો બતાવે છે.) મોટી બેન બનવાવાળી ના જોઈ હોય તો! નાકે તો શેઢા વહ્યા જાય છે...ને બાઈ સાહેબને બેન બનવું છે.

બધાં (એક સાથે) : હું. હું. હું. હું.

[હું, હું નો શોર મચી રહે છે. પછી આપમેળે શમે છે.]

સવિતા : અલી અનુપમા! તારે બેન નથી બનવું?

ભાવના : આપણે સાતેય જણીઓ બેન અને અનુપમા એકલી શીખનાર! કેવી મઝા આપણી નિશાળમાં?

કંચન : બળ્યું! એમાં તે શી મજા? સાચ્ચી નિશાળ આવી ન હોય. અમારા કલાસમાં છોકરીઓ પચ્ચાસ અને બેન તો એક જ!

કાન્તા : જવા દો. નિશાળ નિશાળ નથી રમવું.

માલતી : અલી અનુપમા! તું તો બોલતીય નથી ને ચાલતીય નથી!

ભાવના : એ તો છે...ને...તે...એના પપ્પાએ એને મારી હશે.

કાન્તા : પપ્પા ના મારે, મમ્મી મારે.

કંચન : તને શી ખબર ! આ સવિતાના પપ્પા એને મારે છે અને એની મમ્મીનેય મારે છે. હાં કે !

બેત્રણ (એક સાથે) : હેં ! કેમ ? કેમ ? કેમ ?

કંચન : એટલીય ખબર નથી ? દારૂ પીવે છે ને... એટલે...... !

સરોજ : પણ ભાવનાના પપ્પા ક્યાં દારૂ પીવે છે ? તોયે એને અને એની મમ્મીને એ મારે છે.

બેત્રણ : હેં ... સાચ્ચી વાત ભાવના ? કેમ મારે છે ?

ભાવના : એ તો છે...ને...તે મમ્મી પપ્પાના ખિસ્સામાંથી છાનામાના પૈસા કાઢી લે છે...ને...તે...હુંય કાઢી લઉં છું એટલે.

સરોજ : લે, વાત કરે છે ! આ માલતીના પપ્પાએ કોઈના ઘરમાંથી પૈસા ચોરી લીધા હતા ત્યારે પોલીસો એમને પકડી ગયા'તા. પણ એમને કાંઈ માર્યા ન'તા, હાં કે. હુંય

મારા પપ્પાના ખિસ્સામાંથી પૈસા ચોરી લઉં છું અને પછી એનાથી પી...પી લઉં છું, કેન્ડી લઉં છું, ગોળા ખાઉં છું. આઇસ્ક્રીમે...ય...ખાઉં છું. પણ મારા પપ્પા મને કાંઈ મારતા નથી, હોં કે.

સવિતા : તારા પપ્પા તો બહુ પૈસાદાર છે ને... એટલે!

કંથન : એ કેમ પૈસાદાર છે?

માલતી : મારા પપ્પા મારી મમ્મીને કહેતા હતા કે સરોજના પપ્પા તો કાળા બજારમાંથી પૈસા લાવે છે. હા. એટલે એમની પાસે અ...ધ...ધ...ધ...ધ બહુ જ પૈસા છે.

કાન્તા : હેં સાચ્ચી વાત સરોજ? પણ સરોજ કાળુબજાર એટલે શું?

સરોજ : કોણ જાણે! બજારને કાળો રંગ ચોપડાયો હશે.

ચંપા : પણ બજારને કાળું કેમ રંગવામાં આવે?

ભાવના : બજારને તે કાંઈ કાળો રંગ લગાડેલો

હોય? એ તો કાળા રંગનો કિલ્લો હશે. મારા પપ્પા એક દિવસે કહેતા'તા કે સાયણ પાસે કાળો કિલ્લો છે. ત્યાં છે... ને...તે અધ...ધ...ધ...ધ મોટો મસ પૈસાનો ઢગલો હશે.

માલતી : આપણને કાળું બજાર જડી જાય તો? કેવી મજા? રોજ રોજ ગજવાં ભરાય એટલા પૈસા લાવીએ અને પેટ ભરાય એટલી પીપી અને ચૉકલેટ રોજ રોજ ખાઈએ. કાળા બજારના કાળા પૈસાથી એવી તો લહેર કરીએ કે...

કાન્તા : પણ પૈસા તો ગોરા હોય. તો પછી કાળા પૈસા ને કાળું બજાર કેમ કહેતા હશે?

ચંપા : મારી બા મને કાળા મોંઢાની કહે છે ને એમ? પણ હું તો ગોરી છું. ખરૂં ને ભાઈ! હું કાંઈ કાળી છું?

કંચન (લહેકાથી ગાતાં) :

"ગોરું ગોરું ગધેડું ને,
કાળા કાળા કાનજી."

ચંપા : તું કાળુડી છે. એટલે જ ગોરાંને ગધેડાં કહે છે.

કંચન : મને કાળી કહીશ તો મારી મમ્મીને જ કહી દઈશ !

ભાવના : કાળી છો તે કાળી ! સાત વાર કાળી ! કંચન કાળુડી...કંચન...

[ કંચન અને અનુપમા સિવાય એકી સાથે બધાં મોટો રાગડો તાણીને- ]

બધાં : કંચન કાળુડી, કંચન કાળુડી; કંચન કાળુડી, કંચન કાળુડી, કંચન કાળુડી....

[ ચાર ઓરડી દૂરના ડાયરામાંથી કંચનની મમ્મી ધસી આવે છે અને આંખો કાઢી હાથ ઉગામતાં- ]

કંચનની મમ્મી : છાનાં મરો ! નૈં તો ડાચું તોડી નાંખેશ...બધીયોયનું. જાણો છો ?

[ બધાં ચૂપ. સન્નાટો. કંચનની મમ્મી જાય છે. ]

કાન્તા : હા...શ, બચી ગયાં. કંચનની મમ્મી ધમધમ કરતાં આવ્યાં ત્યારે આખો માળો કેવો ધ્રૂજતો'તો ? જાણે કોયનાનો ધરતીકંપ આવ્યો. બાપ રે ! એ તો મારી નાખે એવાં જબરાં છે !

ચંપા : મારી નાખે ને... તો... પોલીસો પકડી જ જાય ને?

સરોજ : પકડીને શું કરે?

ભાવના : મારી નાખે.

સવિતા : જા, જા હવે!

ભાવના : તને શી ખબર? મારા પપ્પાએ છાપામાં વાંચ્યું'તું...

બેત્રણ (એક સાથે) : શું શું શું વાંચ્યું'તું?

ભાવના : એક માણસે બૈરીને મારી નાખી'તી તેને પોલીસે પકડીને ફાંસીએ ચડાવ્યો.

ચંપા : ફાંસી એટલે શું?

સરોજ : શી ખબર? મારનારને પોલીસો પકડીને મારી નાખે એને ફાંસી કહેતા હશે!

અનુપમા (પહેલી જ વાર બોલતાં, આશ્ચર્યથી) :

હેં, સાચ્ચું? મારનારને મારી નાખે?

કાન્તા : હા, સાચ્ચું. પણ અનુપમા! તું કેમ બોલતી નથી? તું એકલી કેમ છે આજે? તારી અંજની ક્યાં છે? અંજની ઊંઘી ગઈ છે? જા અંજનીને લઈ આવ.

ભાવના : હા, હા. અનુ, જા લઈ આવ. અંજનીને તેડી આવ, મજા પડશે.

સરોજ : હા, હા. આજે અંજનીનાં લગન લઈએ. જા લઈ આવ.

કંચન : હા. અને છે...ને તે લગનના ગીતો માંડીશું. કેવી મજા ? કેમ ભાઈ ! ખરું ને ?

માલતી : ચાલો નવી રમત માંડીએ. અંજનીનાં લગન લઈએ.

બધાં (અનુપમા સિવાય) : હા, હા. અને લગનનાં ગીતો માંડીએ.

સવિતા ( લહેકાથી રાગ કાઢીને ) :

" પાંચ કંકોતરી લખી મોકલા...વજો...રે
પહેલી તે કંકોતરી લખજો...ભાઈને."

ચંપા ( લહેકાથી ગાતાં ) :

દા...દા માંડવડા રોપાવો
મા...મા કન્યાને પધરાવો.

ભાવના ( લહેકાથી ગાતાં ) :

" કન્યા જૂના ઝરૂખાવાળી."

**સરોજ** (લહેકાથી ગાતાં) :

"તમને ક્યિાં વહુ ગમશે રાજ
અચકો મચકો કાં રે'લી?
તમને ગોરાં વહુ ગમશે રાજ
અચકો મચકો કાં રે'લી?"

**કાન્તા** : અનુ, ઊઠ. હજી તું બેઠી રહી છે! ઝટપટ જા. અંજનીને લઈ આવ.

**કંચન** : હા, હા. ઝટ કર. મૂરત ચાલ્યું જાય છે.
સમેવરતે સાવધાન
કન્યાની માડી સાવધાન.
જા, હજી બેઠી છે? ઊઠ!

**અનુપમા** (ડુસકું ખાતાં રડી પડીને) :
અંજનીને મારી નાખી. પપ્પાએ મારી નાખી.

**બધાં** (એક સાથે. ભ્રમ આશ્ચર્યથી) :
હેં! હેં...! સાચ્ચી વાત?

[ક્ષણેક સ્તબ્ધતા પ્રસરે છે.]

**કંચન** : હાય રે બાપ! મારી નાખી? તારા પપ્પાએ મારી નાખી? સાચ્ચે સાચ અંજનીને મારી નાખી?

અનુપમા : હા. ઠાર મારી નાખી અને પછી બારી-
માંથી ફેંકી દીધી!

બધાં ( અરેરાટીથી ) : અરર...ર...ર....

માલતી : હાય મા! ફોફેસર થઈને મારી નાખી!

ભાવના : ફોફેસર એટલે શું?

સરોજ : ફાંફાં મારે તે ફોફેસર. કોઈ કૉલેજમાં
ફાંફાં મારે છે.

ચંપા : ના, અવે...ના. અહીં ચાલીમાં જ વહેલી
સવારે ફાંફાં મારતા ફરે છે. કાંઈક બોલે
છે, કાંઈક ગાય છે અને પેન્સીલથી નોટમાં
કાંઈક લખે છે. ફરી ફાંફાં ફેરા મારે. ફરી
લખે...એમ....

કાન્તા : પ્રોફેસર તેથી શું? કાંઈ અંજનીને મારી
નખાય?

ભાવના : તો અનુ! તારા પપ્પાને પોલિસો કેમ
પકડતા નથી!

અનુપમા : શી ખબર? પોલિસોને હજી ખબર નહિ
પડી હોય. મારી અંજની....

[ રડી પડે છે. ]

સરોજ : રડીશ નહિ હોં અનુ! આપણે પોલીસને કહી આવીએ.

કંચન : મને પોલિસ થતાં આવડે છે. ઇસ્કોલના નાટકમાં હું પોલિસ બની'તી.

માલતી : આપણે બધાં જ પોલિસ બની જઈએ અને અનુના પપ્પાને પકડીએ.

કાન્તા : પણ ડરેસ ક્યાં છે?

સવિતા : ઘણા પોલિસો ડરેસ વિનાના હોય છે.

ચંપા : તો ઠીક. આપણે પોલિસો થઈને એમને પકડીએ.

અનુપમા : પછી હું પપ્પાને મારી નાખીશ. મારી અંજનીને મારી નાખી તે લો લેતા જાવ એમ કહીને.

બેત્રણ (એક સાથે) : તો ચાલો, આપણે બધ્ધાં અનુના ઘરમાં જઈને....

ભાવના : પણ પકડતા પહેલાં જ એ જાગી જાય તો?

અનુપમા : તો તો મને અને તમને બધ્ધાંયને એ મારી જ નાખે તો....

કાન્તા : તો પછી આપણે શું કરીએ ?

કંચન : થોભો ! ભમરડાની દોરી અને કૂદવાની દોરડી હું લઈ આવું. એનાથી એમના હાથપગ બરાબર બાંધી લઈશું.

સરોજ : હા. એ સરસ. જાગે તે પહેલાં જ એમને દોરડીથી બરાબર જકડી બાંધી લઈએ. જા કંચન ઝટપટ દોરડીઓ લઈ આવ.

[ કંચન દોડી જઈને દોરડીઓ લઈ આવે છે. બધાં બિલ્લીપગે અનુપમાના ઘરમાં પ્રવેશે છે. અંદરની ઓરડી તરફ જાય છે. ]

કંચન ( ધીમેથી ) : અનુપમાના પપ્પા પલંગમાં ઘોરે છે. ભર ઊંઘમાં લાગે છે. બરાબર ઝડપાઈ જશે. દોરીથી સજ્જડ બાંધી દઈશું.

અનુપમા ( સહેજ મ્હોટા, તીક્ષ્ણ સૂરે, ગુસ્સાથી મૂઠી ઊંચી કરતાં ) : પછી હું એમને મારી નાખીશ !

અનુપમાના પપ્પા ( પલંગમાં એકદમ બેઠા થઈ જઈને જબ્બર ઘાંટો પાડતાં ) : શું છે છોકરીઓ ?

[ બધી જ છોકરીઓ ભયચિત્કારથી ચીસાચીસ કરતી રડતી રડતી ભાગી જાય છે. એકમાત્ર અનુપમા નિશ્ચલ ભાવે, સ્થિર થઈ દઢતાથી ઊભી રહે છે. ]

**અનુપમાના પપ્પા** (ધીમેથી વહાલના સૂરે) : તારે મને મારી નાખવો છે, અનુ ?

**અનુપમા** : હા.

**પપ્પા** : કેમ ?

**અનુપમા** : મારી અંજનીને તમે મારી નાખી એટલે.

**પપ્પા** : તો ભલે. લે હું આ મરી ગયો, મારી મેળે.

[અનુપમાના પપ્પા ધબ્બ દઈને પલંગમાં ચત્તાપાટ પડે છે અને લાંબા થઈને નિશ્ચેષ્ટ બની જાય છે.]

**અનુપમાની મમ્મી** (અંદર ધસી આવતાં) : શું થયું ? શું થયું અનુ ? પપ્પાએ તને મારી ? છોકરીઓને મારી ?

**અનુપમા** : ના મમ્મી.

**મમ્મી** : તો શું થયું ? તો બધી છોકરીઓ રડતી, ચીસાચીસ કરતી કેમ બહાર દોડી આવી ?

**અનુપમા** : અમે પોલિસ બની પપ્પાને પકડવા આવ્યાં હતાં. દોરડીથી બાંધવા, અંદર આવ્યાં. પપ્પા જાગી ગયા. આંખો કાઢી, ઘાંટો પાડ્યો, એટલે, બધ્ધી જીવ લઈને

નાઠી. હું ઊભી રહી. પપ્પાએ પૂછ્યું. પછી મરી ગયા, મેં કહ્યું એટલે.

[ અનુપમાની મમ્મી ખડખડાટ હસી પડે છે. ]

**અનુપમા** : મમ્મી ! હસે છે શું ?

**મમ્મી** : તો શું રડું ?

**અનુપમા** (ગળગળા સાદે) : હા. રડ. અંજની મરી ગઈ ત્યારે હું રડી હતી. હવે પપ્પા મરી ગયા એટલે તું રડ, હુંય રડું.

**મમ્મી** : ગાંડી કંઈની !

[ થોડીક ક્ષણોના મૌન પછી– ]

**અનુપમા** (રડતાં) : મમ્મી ! હવે પપ્પા ફરી જીવતા નહિ થાય? તું કેતી'તીને કે મરી ગયા પછી પૂરણજનમ થાય છે !

**મમ્મી** : પૂરણજનમ નહિ, પુનર્જન્મ.

**અનુપમા** : તો મમ્મી! પપ્પાનો પુનરજનમ કરી દેને!

**મમ્મી** : એ હું કેવી રીતે કરું ? મરવાનું તેં કહ્યું હતું, એટલે તું જ પપ્પાને પુનર્જન્મ લેવાનું કહે અને જીવતા કર.

અનુપમા : કેવી રીતે મમ્મી?

મમ્મી : પપ્પાના કાનમાં ધીમેથી કહે, "હવેથી પપ્પા, તમે કવિતા કરતા હશો ત્યારે અંજનીનાં હાલરડાં નહિ ગાઉં, પપ્પા! ફરી જીવતા થાવ."

અનુપમા : પણ મમ્મી! મારી અંજનીને મારી નાખી તેનું શું? હું પપ્પાને પુનરજનમ લેવાડું તો પપ્પા અંજનીને પુનરજનમ લેવાડશે?


મમ્મી : તું એક વાર પપ્પાને જીવતા તો કર પછી પપ્પાને કહેજે. એ તને બીજી અંજની લઈ આપશે. કચકડાની મરી જાય એવી નહિ પણ રબ્બરની. પછી એ પપ્પાના પગ નીચે કચડાશે તોય નહિ મરે!

અનુપમા : સાચ્ચે મમ્મી? પપ્પા ફરી જીવતા થશે? એમનો ફરી પુનરજનમ થશે?

મમ્મી : જરૂર થશે.

**અનુપમા** (પાસે જઈને કાનમાં) : પપ્પા! પપ્પા! ફરી જીવતા થાવ. પપ્પા ફરી જીવતા થા...વ...ને.... (છાતી પર માથું મૂકીને). પપ્પા જીવતા થા...વ...ને, પપ્પા, ઓ પપ્પા. (બંને હાથેથી હલાવતાં મોટેથી) પપ્પા કાનમાં કહું છું ફરી જીવતા થા...વ...ને.

[અનુપમાના પપ્પા આંખો ઉઘાડે છે. પલંગમાં બેઠા થાય છે.]



**અનુપમા** (તાલીઓ પાડીને હર્ષથી ગોળ ચક્કર ફરતાં) : પપ્પા જીવતા થયા, પપ્પા જીવતા થયા. પપ્પાનો પુનરજનમ થયો.

[ અનુપમાના પપ્પા પલંગમાંથી ઊભા થાય છે. અનુપમાને તેડી લઈને એના આંસુભીના ગાલે બચીઓ લેતાં– ]

**અનુપમાના પપ્પા :** હા, બેટા અનુ! મારો પુનર્જન્મ થયો. તારા પુણ્ય પ્રતાપે. અને તારી અંજનીનો પણ પુનર્જન્મ થશે.

[ પડદો પડે છે. ]

卐

# ચાલો
# છબછબિયાં
# રમીએ

[ વર્ષાને વધાવતી કિશોરોની પદ્યનાટિકા ]

▣





[ મંચની પાછળ વર્ષાનો વાદળ–છાયો દેખાવ. કિશોર–કિશોરીઓનાં પદ્યવર્ણન સાથે તદનુરૂપ વાતાવરણ. દર સમૂહગાન વેળા વર્ષાનો દેખાવ. દશ કિશોર–કિશોરીઓ અભિનય સાથે નિજ નિજની પદ્ય–કંડિકાનો ભાવ વ્યક્ત કરે છે. ]

**સમૂહગાન** : હૈ ...હો ...હૈ ...હો
છબછબીયાં રમીએ
ચાલો છબછબીયાં રમીએ
ચાલો છબછબીયાં રમીએ.
ઝટપટ ઝટપટ બા'ર નીકળીએ
દડબડ દોડી જઈએ.

હૈ ...હો ...હૈ ...હો
છબછબીયાં રમીએ
ચાલો છબછબીયાં રમીએ
ચાલો છબછબીયાં રમીએ.

એક કિશોર : આભના ઊંધા ટોપલા માંહી
ગોટે ગોટા રૂના ભાઈ
ઠસોઠસ છે ગયા ભરાઈ
સૂરજ એમાં રહ્યો શું સંતાઈ?
કે બિચારો ગયો છે એમાં
સાવ ખોવાઈ?

સમૂહગાન : હૈ ...હો ...હૈ ...હો
છબછબીયાં રમીએ.
ચાલો છબછબીયાં રમીએ. (૨)

એક કિશોરી : ભર બપોરે સાંજ પડી ગઈ
પવનને નવી પાંખ જડી ગઈ
ધરતી પર લખ ધાર પડી રહી
મઠની પેલી પચરંગી છતરી
હવા ઝપાટે કેવો કાગડો
બની ગઈ.

સમૂહગાન : હૈ ...હો ...હૈ ...હો
છબછબીયાં રમીએ
ચાલો છબછબીયાં રમીએ. (૨)

બીજી કિશોરી : ઊંચે ઊંચે વાદળાં કાળાં
દોડતાં દે છે ઠેલંઠેલા
નીર છલોછલ છલકી છલકી
વરસી રે'તાં રેલંરેલા
આવ્યા રે આવ્યા આ
મેહુલિયા અલબેલા.

સમૂહગાન : હૈ ...હો ...હૈ ...હો
છબછબીયાં રમીએ
ચાલો છબછબીયાં રમીએ. (૨)

બીજો કિશોર : પેલાં હતો શો ઘોર બફારો
પસીનો ને ઉકળાટ અકારો
ઊંચે ઊંચે જતો એકધારો
બેરોમિટર કેરો પારો
મેઘરાજાએ મહેર કરીને
કીધો ઉગારો.

**સમૂહગાન** : હૈ ...હો ...હૈ ...હો
છબછબીયાં રમીએ
ચાલો છબછબીયાં રમીએ. (૨)

**ત્રીજો કિશોર** : ધીમે ધીમે વાયુ વાયો
પછીથી વાયુ વેગે ધાયો
અને પછી તો એવો ફૂંકાયો
ઝાપટે ઝંઝાવાત ઝીંકાયો
ડમરીએ ગોળગોળ ચડીને
એ ઘુમરાયો.

**સમૂહગાન** : હૈ ...હો ...હૈ ...હો
છબછબીયાં રમીએ
ચાલો છબછબીયાં રમીએ. (૨)

**ત્રીજી કિશોરી** : ઝીણાં ઝીણાં જલનાં બિંદુ
ઝરમર વરસ્યાં પેલાં કિંતુ
ટપ્ ટપ્ ટપક્યાં પછી મોટાં ફોરાં
જાણે પ્રભુએ આભની બારડી
ઝૂડી ઝૂડીને નીચે વેર્યાં
કોટિ કોટિ બોરાં!

સમૂહગાન : હૈ ...હો ...હૈ ...હો
છબછબીયાં રમીએ
ચાલો છબછબીયાં રમીએ. (૨)

ચોથી કિશોરી : ગોરંભેલા આભલામાંથી
વાદળ વીંધી સરકી વીજળી
આંખ અંજાઈને જાય મીંચાઈ
ગડગડ ગાજે મેઘનાં ગર્જન
ધાક પડે રે કાને, વાધે દિલની
ધડધડ ધડકન.

સમૂહગાન : હૈ ...હો ...હૈ ...હો
છબછબીયાં રમીએ
ચાલો છબછબીયાં રમીએ. (૨)

ચોથો કિશોર : મેહુલો વરસ્યો મૂશળધારે
ઝંઝાવાતો ઝપાટો મારે
મારગડાને બંને કિનારે
ઝાડનાં પાંદડાં તાલીઓ પાડે
વચ્ચે વહેતી જાય છે ગંગા
ધમમસ ધસતી ધારે.

સમૂહગાન : હે ...હો ...હે... હો
છબછબીયાં રમીએ
ચાલો છબછબીયાં રમીએ. (૨)

પાંચમી કિશોરી : ચાલો બંધુ! ચાલો બેની!
ભીંજાવાની બીક છે શેની!
મોજમજા છે છબછબીયાંની
લે'ર ના'વાની, હોંશ તરવાની
મંન ભરીને આપણ આજે
માણીએ પૂરેપૂરી.

સમૂહગાન : હે ...હો ...હે ...હો
છબછબીયાં રમીએ
ચાલો છબછબીયાં રમીએ. (૨)

પાંચમો કિશોર : છબછબીયાંથી છાંટા ઉડાડો
છાલક મારી છોળો ઉછાળો
ગગનમાંથી છૂટયો અણધાર્યો
લખલખ ધારા કેરો ફુવારો
એકી સાથે કરો ધસારો,
સાથે પાડીને હોકારો.

**સમૂહગાન** : હૈ ...હો ...હૈ ...હો

છબછબીયાં રમીએ

ચાલો છબછબીયાં રમીએ. (૨)

ઝટઝટ ઝટઝટ બા'ર નીકળીએ

દડબડ દોડી જઈએ.

હૈ ...હો ...હૈ ...હો


હૈ ...હો ...હૈ ...હો

હૈ ...હો ...હૈ ...હો

હૈ ...હો ...હૈ ...હો.

# મ ના મ ણાં

[ભાઈ-બેન વચ્ચે
પદ્ય-સંવાદ]



( બગીચો. રમતાં બાળકો. ઝાડને અઢેલીને ઊભેલી બેન. એકલી. આંસુભીની આંખો. ભાઈ જુવે છે. મનાવવા જાય છે. )

ભાઈ : બેનડી શાને ગમગીન થઈને
ઊભી છે તું દૂર રે?
શાને તારી આંખોમાંથી
વહેતાં આંસુપૂર રે? ...બેનડી૦

શો છે બેની વાંક અમારો?
શાને દુભવે દિલ રે?
શાને તારું કોમળ હૈયું
આજ ઘવાયું બેન રે? ...બેનડી૦

બેન : અમને નિર્બળ છોકરી જાણી
દમતા સહુએ ખૂબ રે;
માડી મારે, બાપુ મારે
ધમકાવે વળી વીર રે. ...અમને૦

આજ સવારે રમતાં રમતાં
ટપલી મારી એક રે;
નાની તોયે મુજ હૈડામાં
સોંસરવી ગઈ છેક રે. ...અમને૦

ભાઈ : ગુસ્સામાં મેં તુજને મારો,
મારી એટલી ભૂલ રે;
માફી માગું બેનડી તારી
ભૂલ તણાં એ મૂલ રે. ...બેનડી૦

બેન : કાલ બપોરે ચોપટ રમતાં
બાજી કીધી ફૂલ રે;
હાર્યો બોલી ત્યારે માર્યું
સોગઠડું તેં, વીર રે. ...અમને૦

ભાઈ : હાર્યો તેથી રોષ ધરીને
માર્યું તુજને બેન રે;
કો'દિ ફરીથી મારું નહિ હું
રમવા ચાલ તું બેન રે. ...બેનડી૦

બેન : પેલે દિવસે બાપુ લાવ્યા
નારંગી બે ચાર રે
એકલપેટ્ટો ખાઈ ગયો તું
મુજને ટાળી દૂર રે. ...અમને૦

ભાઈ : એકલપેટ્ટો બેન હવેથી
કો'દિ ન ખાઉં કાંઈ રે;
ભાંડીશ નહિ હું, મારીશ નહિ હું
બોલીશ નહિ કટુ વેણ રે. ...બેનડી૦

બંને (સાથે) :
આપણ સહુએ ભાંડુ વહાલાં
એક જ માનાં બાળ રે;

શાને આપણ વ્યર્થ લડીને
દૂભવીએ નિજ માત રે;

સાથે રમીએ સાથે કુદીએ
સાથે કરીએ કામ રે;

કજીયા ટંટા દૂર ફગાવી
સંપી રહીએ સાથ રે.
આપણ સહુએ૦